




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮૫ | ૨૭ ડિસેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; પોષ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




ઐતિહાસિક નજારો - ૨૯૬ વર્ષ બાદ ગ્રહોનો સર્જાયેલો દુર્લભ સંયોગ અને હવે પછી ૫૫૯ વર્ષ બાદ સર્જાનાર ખગોળીય ઘટનાનું અવલોકન કરવાની ઉત્સુકતા આખા દેશમાં હતી... વહેલી સવારથી જીજ્ઞાસુ અને વૈજ્ઞાનિકો ઠેર ઠેર ટેલીસ્કોપના માધ્યમથી સૂર્યગ્રહણના નજારાને નિહાળતા હતા... આ ઐતિહાસિક ગ્રહણની પ્રારંભથી મોક્ષ સુધીની તસવીરો અદ્દભૂત કેમેરામાં કેદ કરાઈ હતી... કર્ણાટક, કેરાલા અને તામીલનાડુમાં ઉત્સુકતા વધારે પ્રવર્તતી હતી... ઓડિસામાં શાળા-કૉલેજમાં ગ્રહણ નિહાળવા રજા અપાઈ હતી... પ્રમાણમાં ગુજરાતમાં પણ ઉત્સુકતા વધી હતી...

## લેહમાં લઘુતમ તાપમાન માઈનસ ૧૭.૮ ડિગ્રી

**કાશ્મીર-હિમાચલના અનેક ભાગમાં ફરી થયેલ હિમવર્ષા : ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીના ચમકારા વચ્ચે રાજસ્થાનમાં કેટલાક વિસ્તારોમાં ઠંડી વધી**



નવી દિલ્હી,તા. ૨૬

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા જારી રહી છે. જેથી આ બંને રાજ્યોમાં બરફની ચાદર વચ્ચે જનજીવન પર પ્રતિકુળ અસર થઈ છે. મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયુ છે. ધુમ્મસ અને ઠંડીના કારણે ટ્રેન અને વિમાની સેવા પર પ્રતિકુળ અસર થઈ છે.સમગ્મર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં છે. દિલ્હીમાં પારો પાંચથી નીચે પહોંચી ગયો છે. જમ્મુ કાશ્મીરમાં તાપમાન માઈનસમાં પહોંચી જતા પાઈપોમાં બરફ જામી ગઈ છે. લઘુતમ તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યોછે. ગુલમર્ગ ખાતે પારો માઈનસ નવ થયો છે. પહેલગામમમાં પારો માઈનસ ૧૧ રહ્યો છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં સવારમાં ધુમ્મસની ચાદર જોવા મળી રહી. કેટલાક મેદાની ભાગોમાં પણ પારો શુન્ય સુધી પહોંચી ગયો છે. હાલમાં કેટલીક જગ્યાએ બરફના કારણે રસ્તાને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે ઉચાણવાળા વિસ્તારમાં હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા જારી રહી છે. જેથી ઠંડીમાં એકાએક વધારો થયો છે. કાશ્મીર ડિવીઝનમાં લોકોની હાલત કફોડી બનેલી છે. લડાખ પ્રદેશમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ છે. પહલગામ અને ગુલમર્ગ ખાતે તાપમાન માઈનસમાં છે.

સ્કી રિસોર્ટ તરીકે લોકપ્રિય ગુલમર્ગમાં પારો માઈનસમાં છે. જ્યારે વાર્ષિક અમરનાથ યાત્રા માટે બેઝ કેમ્પ ગણાતા પહલગામમાં પારો માઈનસમાં છે. ભારે હિમવર્ષાના કારણે કેટલાક રસ્તાને બંધ કરી દેવાની ફરજ પડી છે. ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. જમ્મુ -શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ અને મુગલ રોડને બંધ કરી દેવાની ફરજ પડી છે. જો કે હવે રાજમાર્ગને ખોલી દેવામાં આવતા લોકોને રાહત થઈ છે.

# હિન્દુસ્તાનમાં જન્મેલી દરેક વ્યક્તિ હિન્દુ છે : ભાગવત

**નાગરિકતાના વિવાદ વચ્ચે આરએસએસ મેદાને : આપણે એ એકતાને શોધી રહ્યા છીએ જેમાંથી વિવિધતા નીકળી છે : સંઘ દેશના તમામ લોકોને સ્વીકારે છે અને તેમના વિશે સારું વિચારે છે**



હૈદરાબાદ,તા.૨૬

હાલમાં જ્યારે મોદી સરકાર સામે, ધર્મના આધારે ૩ દેશોમાંથી આવેલા બિન-મુસ્લિમોને ભારતની નાગરિકતા આપવા માટેના સંશોધિત કાયદા, એનઆરસી અને એનપીઆરને લઈને ભારે વિરોધ થઈ રહ્યો છે, નાગરિકતાને લઈને સરકાર સામે વિરોધ પક્ષો દ્વારા શંકા-કૂશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે ભાજપની માતૃસંસ્થા આરએસએસના સુપ્રિમો મોહન ભાગવતે એમ કહીને વધુ એક વિવાદ સર્જ્યો છે કે આરએસએસ ભારતમાં વસતા તમામ ૧૩૦ કરોડ લોકોને હિન્દુ જ માને છે પછી ભલે તેઓ કોઈપણ ધર્મના હોય....! તેમનું આ નિવેદન વર્તમાન સંજોગોમાં રાજકિય વમળો પેદા કરે તેમ છે.

રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ (આરએસએસ)ના પ્રમુખ મોહન ભાગવતે હિંદુત્વને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે, આરએસએસ ભારતની તમામ ૧૩૦ કરોડ પ્રજાને હિન્દુ સમાજ માને છે પછી તેઓ કોઈપણ ધર્મ અને સંસ્કૃતિના કેમ ના હોય. ધર્મ અને સંસ્કૃતિ પર ધ્યાન આપ્યા વગર, જે લોકો રાષ્ટ્રવાદી ભાવના રાખે છે અને ભારતની સંસ્કૃતિ અને તેના વારસાનું સન્માન કરે છે તેઓ હિંદુ છે અને આરએસએસ ૧૩૦ કરોડ લોકોને હિંદુ જ માને છે. મોહન ભાગવતે બુધવારે તેલંગાણાના આરએસએસ સભ્યો તરફથી આયોજીત ત્રણ દિવસીય વિજય સંકલ્પ શિબિરમા હાજર લોકોને સંબોધિત કરતી વખતે આ મુજબનું અવલોકન કરતું વિવાદી નિવેદન આપ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# સેન્સેક્સમાં ૨૯૭ અંકનુ ગાબડુ

મુંબઈ,તા.૨૬

સૂર્યગ્રહણનાં દિવસે શેર બજારમાં ભારે ઉથલપાથલ મચી હતી. કારોબારનાં અંતમાં શેર બજાર રેડ સિગ્નલ સાથે બંધ થયું હતું. બીએસઈનો પ્રમુખ સૂચકાંક સેંસેક્સમાં ૨૯૭.૫૦ પોઈન્ટ એટલે કે ૦.૭૨% સુધી તૂટ્યો હતો. તો એનએસઈનો પ્રમુખ સૂચકાંક નિફ્ટીમાં ૮૮.૦૦ પોઈન્ટ એટલે કે ૦.૭૨%નો ઘટાડો નોંધાયો હતો. ગુરુવારે કારોબારના અંતે સેંસેક્સ ૪૧,૧૬૩.૭૬ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૧૨,૧૨૬.૫૫ના સ્તરે બંધ થયો હતો. દિગ્ગજ શેરોની વાત કરીએ તો, ગુરુવારે ઓએનજીસી, વેદાંતા લિમિટેડ, જેએસડબલ્યુ સ્ટીલ, એનટીસીપી, બજાજ ફાયનાન્સ, ટાટા સ્ટીલ, બજાજ ફિન્સર્વ, કોલ ઈન્ડિયા અને એશિયન પેઈન્ટસના શેર ગ્રીન સિગ્નલ પર બંધ થયા હતા. તો યસ બેંક, ભારતી

● અનુસંધાન પાન-૭ પર

## ભાવભીની અંજલિ



**સ્વ. ચેતનભાઈ સુખડીયા**

તારી અણધારી વિદાય અમારે માટે
ખૂબ જ આઘાતજનક છે.
તારો હસમુખો સાલસ સ્વભાવ સ્મૃતિપટ પર
ચિરંજીવ બની રહેશે.
ચીરશાંતિ માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

| | |
|---|---|
| વિપુલ દવે | જતીન જોષી |
| અમિત ઉપાધ્યાય | અલ્પેશ લંગાલીયા |
| બ્રિજેશ ઉપાધ્યાય | જયેશ પટેલ |

## બેસણું



મારા ધર્મપત્ની રેખાબેન મુકેશકુમાર પટેલ (નિવૃત્ત એડી. ડીસ્ટ્રીક્ટ જજ)
તા. ૨૪-૧૨-૨૦૧૯ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે.
સદ્દગતનું બેસણું તા. ૨૮-૧૨-૨૦૧૯ને શનિવારના રોજ
સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**: સ્થળ :**
**શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજની વાડી,**
**સેક્ટર-૭/સી, ગાંધીનગર**

**મુકેશકુમાર દેવીદાસભાઈ પટેલ**
(નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર, ગાંધીનગર)

| | |
|---|---|
| દેવીદાસ ભુરાભાઈ પટેલ | સ્વ. નિરંજનાબેન દેવીદાસ પટેલ |
| ધ્રુવકુમાર દેવીદાસ પટેલ | અરૂણાબેન ધ્રુવકુમાર પટેલ |
| નિસર્ગ મુકેશકુમાર પટેલ | દેવામી નિસર્ગ પટેલ |
| જય મુકેશકુમાર પટેલ | કૃતિ જય પટેલ |